ગૃહ વિભાગ

તા.૨૭.૨.૨૦૦૨

## તા.૨૭.૨.૨૦૦૨ ના રોજ ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર બનેલ બનાવ અંગેની વિગત

તા.૨૭.૨.૨૦૦૨ ના રોજ સવારે ૭.૧૫ વાગ્યાના સુમારે મુઝફરપુર/ફરીદાબાદથી અમદાવાદ બાજુ આવતી સાબરમતી એક્ષપ્રેસ ગોધરા રેલ્વે સ્ટેશને આવેલ. ગોધરા રેલ્વે સ્ટેશનેથી ૭.૨૦ કલાકે ટ્રેઈન રવાના થયેલ હતી. આ વખતે સીગલફળીયાથી ટ્રેઈન પસાર થઈ રહી હતી ત્યારે આ વિસ્તારના એક હિંસક ટોળાએ ટ્રેઈન ઉપર પથ્થરમારો કરેલ હતો. જેથી ટ્રેઈન રોકવામાં આવી હતી. હિંસક ટોળાએ આ ટ્રેઈનને આગ લગાડેલ હતી, જેમાં એક કોચને પૂરી રીતે નુકસાન થયેલ છે.

ઉપરોકત બનાવની જાણ થતા ગોધરા પોલીસ અધિક્ષક તથા હેડકવાર્ટરનો તમામ સ્ટાફ બનાવના સ્થળ ઉપર પહોચી ગયેલ છે. હાજર પોલીસ ફોર્સના માણસોએ ગોળીબાર પણ કરેલ. વડોદરા વિભાગના ખાસ પોલીસ મહાનિરીક્ષક તાત્કાલિક બનાવવાળી જગ્યાએ પહોંચી ગયેલ છે. સાથેસાથે વેસ્ટર્ન રેલ્વેના ઈનચાર્જ પોલીસ અધિક્ષક પણ સ્થળ ઉપર પહોંચી ગયેલ છે. વડોદરાથી વધારાની એસ.આર.પી.મોકલી આપવામાં આવેલ છે.

હાલની માહિતી પ્રમાણે કુલ ૬ વ્યકિતઓના મૃત્યુ થયેલ છે અને ૧૮ વ્યકિતઓ દાઝી ગયેલ છે.

આ બનાવના પ્રત્યાઘાતરુપે ગોધરા શહેરમાં અમુક છૂટક બનાવ બન્યા અંગેની માહિતી મળેલ છે, જેમાં ફાયરીંગ પણ થયેલ છે અને અમુક વિસ્તારોમાં કરફયુ નાંખી દીધા અંગેના અહેવાલ મળેલ છે.

9